# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા.૨૬.૧૨.૨૦૧૮

----------------

**ગુજરાત લોકસભા ચૂંટણી પ્રભારી તરીકે શ્રી ઓમજી માથુરની નિયુક્તિને આવકારતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાને ઉત્તરપ્રદેશના લોકસભા ચૂંટણી પ્રભારીની જવાબદારી બદલ પ્રદેશ ભાજપાની શુભેચ્છા**

----------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ આગામી લોકસભા ચૂંટણી માટે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ દ્વારા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ શ્રી ઓમજી માથુરની ગુજરાત લોકસભા ચૂંટણીના પ્રભારી તરીકે નિયુક્તિને આવકારતા જણાવ્યુ હતુ કે, શ્રી ઓમજી માથુર આ પૂર્વે પણ ગુજરાત પ્રદેશના પ્રદેશ પ્રભારી તરીકે સફળ જવાબદારી નિભાવી ચૂકયા છે. શ્રી ઓમજી ગુજરાતના સશક્ત સંગઠનથી ખૂબ સારી રીતે વાકેફ છે. સંગઠનની કાર્યપધ્ધતિમાં હંમેશા તેમનું આમુલ માર્ગદર્શન મળતુ આવ્યુ છે. શ્રી ઓમજીની જનસેવાનો વિશાળ અનુભવ અને રાજકીય માર્ગદર્શનમાં સમગ્ર ભાજપા પરીવાર અને અમારા ઋષિતુલ્ય કાર્યકરોમાં એક નવી ઉર્જાનો સંચાર થશે. આપનું કર્મઠ વ્યક્તિત્વ અને કુશળ સંગઠનાત્મક નેતૃત્વના આધારે ભૂતકાળમાં ગુજરાત ભાજપાએ પંચાયતથી લઇને વિધાનસભાની ઘણીબધી ચૂંટણી જીતી છે અને હવે શ્રી ઓમજીના માર્ગદર્શનમાં આગામી લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ૨૬ માંથી ૨૬ બેઠકો જીતીને ફરી એકવાર આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશની સેવા કરવા સત્તારૂઢ થશે તેમ શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, ગુજરાત પ્રદેશ ભાજપાના ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાને ઉત્તરપ્રદેશ લોકસભા ચૂંટણી પ્રભારીની જવાબદારી સોંપી છે તે બદલ સમગ્ર ભાજપા પરીવાર તરફથી શ્રી ગોરધનભાઇ ઝડફીયાને શુભેચ્છા પાઠવીએ છીએ. તેમના બહોળા રાજકીય અનુભવનો લાભ ભાજપાને જરૂરથી મળશે તેવો આત્મવિશ્વાસ શ્રી વાઘાણીએ વ્યક્ત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ